# મેઘરજમાં વધુ એક ખાતર કૌભાંડથી ચકચાર

## સરદાર નિર્મળ ખાતરની ૫૦ કિલોની થેલીમાં ૫.૫ કિલો વજનની ઘટ

મેઘરજ, તા. ૧

ગુજરાતમાં એક પછી એક કૌભાંડ થઈ રહ્યા છે. પહેલા મગફળી, તુવેર અને ડીએપી ખાતર કૌભાંડ પછી અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે આવેલા જીએસએફસી ડેપોમાંથી ખેડૂતોને વેચાણ અર્થે આવેલા સરદાર નિર્મળ ખાતરની ૫૦ કિલોની બોરીમાંથી ૫.૫ કિલો ખાતરની ઘટ વજન હોવાનું ખાતર ખરીદવા પહોંચેલા એક જાગૃત ખેડૂતે ડેપો મેનેજરને જાણ કરતા ડેપો મેનેજરે તાત્કાલિક અસરથી સરદાર નિર્મળ ખાતર વેચાણ બંધનું સ્ટીકર લગાડી ખાતર વેચાણ કરવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. ખેડૂતો સતત કૌભાંડનો ભોગ બનતા તેમની હાલત પડતા




પર પાટુ જેવી હાલત બની છે.

એક બાજુ કુદરત રુઠતાં ઓછો વરસાદ અને ખેડૂતોને પાક ઉપજના પૂરતા ભાવ મળતા નથી જેથી ખેડૂતો બેહાલ બન્યા છે. ખાતરના ભાવમાં સતત વધારો થવાની સાથે ખેતી સમયે ખાતરની અછતથી ખેડૂતો ભારે રઝળપાટ કરી ખાતર લેવા લાંબી લાઈનોમાં ઉભા રહી સરકારી ખાતર મેળવે છે પરંતુ સમગ્ર રાજ્યમાં થોડા સમય પહેલા જીએસએફસી સેન્ટરો પર ખાતરની થેલીમાં ખાતર ઓછું મળતા મસમોટું કૌભાંડ બહાર આવતા કંપની અને રાજ્ય સરકાર બચાવની મુદ્રામાં આવી ગયા હતા. આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે આવેલા જીએસએફસી ખાતર કૌભાંડ બહાર આવતા ખેડૂતોમાં આક્રોશ ફેલાયો છે.

મેઘરજ ખાતે આવેલા જીએસએફસી ખાતર ડેપોમાં કંપની તરફથી ફાળવાયેલા સરદાર નિર્મળ ખાતરની ૫૦ કિલોની થેલીમાં ૫.૫ કિલો વજન ઓછું હોવાનું ખાતર ખરીદવા પહોંચેલા ખેડૂતે ડેપો મેનેજરને ધ્યાને લાવતા ડેપો મેનેજર પણ ચોકી ઉઠ્યા હતા અને તાત્કાલિક અસરથી ખાતરનું વેચાણ અટકાવી બંધ કરી દીધું હતું. આ અંગે ડેપો મેનેજરનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા સંપર્ક થઈ શક્યો ન હતો.

એક તરફ ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે ખેડૂતો પણ ખેતીમાંથી આવક ઉભી કરવા મંથામણ કરી રહ્યા છે પરંતુ કૌભાંડી લોકોએ ખાતર અને બિયારણમાં કૌભાંડ કરી પોતાના ખીસા ભરી લીધાનો ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે.

# સાબરકાંઠાની પાંચ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૧૬મી જુને યોજાશે

## ૧૬૯ વોર્ડ અને બે ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજવાનું જાહેરનામુ પ્રસિદ્ધ

હિંમતનગર, તા. ૧

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ અને નવી સરકાર રચાઈ ગઈ છે ત્યારે ચૂંટણીપંચ દ્વારા મુદત વિતી ગયા બાદ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવલા માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેરનામા પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે સાબરકાંઠાની પાંચ ગ્રામ પંચાયતોની સામાન્ય તથા બે ગ્રામ પંચાયતોની પેટા તથા ૧૬૯ વોર્ડની ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણીપંચે તાજેતરમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ છે.

આ અંગે ચૂંટણી શાખાના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ જે ગ્રામ પંચાયતોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતી હોય તે પહેલા તે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા માટે ચૂંટણી આયોગે માહિતી મંગાવી હતી. જે આધારે હિંમતનગર તાલુકાની બામણા, વડાલી તાલુકાની મહોર તથા વરતોલ અને તલોદ તાલુકાની બડોદરા અને પનાપુર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજવી પડે તેમ છે.

જે આધારે જિલ્લા ચૂંટણીપંચ દ્વારા તાજેતરમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતુ. સાથોસાથ વિજયનગર તાલુકાના પરોસડા અને પાદરડી ગ્રામ પંચાયતની પણ પેટા ચૂટણી સામાન્ય ચૂંટણીની સાથે યોજાશે. જેને લઈને જે પંચાયતોની ચૂંટણી યોજાનાર છે ત્યાંના મતદારો અને ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોએ પોતાના દાવપેચ શરૂ કરીને સોગઠા ગોઠવવાનું શરૂ કરી દીધુ છે. જેથી સ્થાનિક રાજકારણ પણ ગરમાયું છે.

ચૂંટણી શાખાના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જે પંચાયતોના ૧૬૯ વોર્ડની ચૂંટણી યોજાનાર છે તેમાં હિંમતનગર તાલુકાના ૩૭, ઈડરના ૨૭, વડાલીના ૨૧, તલોદના ૧૪ જ્યારે પ્રાંતિજની ૨૦ ગ્રામ પંચાયતોના કેટલાક વોર્ડની ચૂંટણી યોજાશે. ઉલ્લેખનીય છે કે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયુ છે તેમાં ઉમેદવારોએ ઉમેદવારીપત્ર મેળવવા માટે સ્થાનિક મામલતદાર કચેરીમાં જવુ પડશે અને ચૂંટણીના જાહેરનામામાં જણાવાયા મુજબ આ ચૂંટણી તા. ૧૬ જુનના રોજ યોજાશે. જેના માટે વહીવટીતંત્ર દ્વારા મતદાન મથકો અને ઈવીએમ અંગે આયોજન કરવાનુ શરૂ કરી દીધુ છે.

# મોડાસાના દધાલિયા ગામે દેશની રક્ષા કરી પરત ફરેલા સૈનિકનું વતનમાં ઉષ્માભેર સામૈયું કરી શોભયાત્રા યોજી

મોડાસા, તા. ૧

મા ભોમની રક્ષા કરી નોકરીમાંથી વયનિવૃત્તિ થતા પરત ફરેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં સબ ઈન્સ્પેક્ટર નું પોતાના વતન ગુજરાતના દાંતીવાડા બટાલિયન-૫૩ માં ખાતે પ્રથમ પોસ્ટિંગ થયું હતું.

બોર્ડર સિક્યુરિટી ફોર્સની નોકરીના બીજા જ વર્ષે ૧૯૮૪ માં વતન પરત ફરતા દેશની સેવા કરી પરત ફરેલા જવાનનું ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કરી ભવ્ય શોભાયાત્રા યોજી હતી. જેમાં આજુબાજુના ગ્રામજનો, રાજકીય



દધાલિયામાં ભવ્ય સ્વાગત કરી સન્માન કરવાની સાથે ઢોલ નગારાના તાલે ભવ્ય શોભાયાત્રા યોજી સામૈયું કરવામાં આવ્યું હતું. મોડાસાના દધાલિયા ગામના વતની ભીખાભાઈ મોંઘાભાઈ પરમારનું ઓગસ્ટ-૧૯૮૩માં ગોલ્ડન ટેમ્પલ અમૃતસરના બ્લ્યુ ઓપરેશનમાં તેમની બટાલિયન સાથે મહત્વનો રોલ ભજવ્યો હતો. ૩૬ વર્ષ સુધી દેશના વિવિધ વિસ્તારોમાં મા ભોમની રક્ષા કરી છેલ્લે કચ્છ-ભુજ ખાતે નિવૃત્ત થતા શનિવારે ફૌજી જવાન પોતાના અગ્રણીઓ અને સગા-સબંધીઓ મોટી સંખ્યામાં એકત્ર થઈ ફોજી જવાન અને તેમના પરિવારનું સામૈયું કરી મોમેન્ટો, શ્રીફળ અને ફુલહાર પહેરાવી સન્માન સમારોહ યોજવામાં આવતા દધાલિયા પંથક દેશભક્તિના રંગે રંગાયું હતું.


# વિજયનગરના ટોલડુંગરી નજીક અકસ્માત થતા બેના મોત

વિજયનગર તાલુકાના ટોલડુંગરી નજીક ગુરૂવારે રાત્રે બે મિત્રો બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક કાર સાથે અકસ્માત થતા ગંભીર ઈજાને કારણે બંને મિત્રોના મોત નિપજ્યા જે અંગેની ફરીયાદ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. ટીંટોરણ ગામના તથા વનવિભાગના વોચમેન તરીકે ફરજ બજાવતા મંગળભાઈ હીરાજી પટેલનો પુત્ર સતીષકુમાર ઉર્ફે સાગર અમદાવાદમાં ખાનગી નોકરીમાં કામ કરે છે. દરમ્યાન તે ઘરે આવ્યો હોવાથી પોતાની બાઈક નંબર જીજે.૦૯.સીએસ.૧૩૪૨ પર તેની સાથે નોકરી કરતા અને મિત્ર ચિરાગ રાજેન્દ્રભાઈ ગામેતી સાથે ગુરૂવારે રાત્રે ટોલડુંગરી નજીકથી જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી કાર નંબર જીજે૦૯.બીબી.૧૮૩૪ના ટાલકે બાઈકને ટક્કર મારી હતી.

તેના લીધે બંને મિત્રો રોડથી ૧૫ ફૂટ ફેંકાયા હતા. જેથી સાગર અને ચિરાગને થયેલી ગંભીર ઈજાને કારણે બંને મિત્રોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જે અંગે મૃતકના પરીવારજનોને જાણ થતા તેઓ પણ ગુરૂવારે મોડી રાત્રે ટોલડુંગરી નજીક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ વિજયનગર પોલીસને જાણ કરાતા પોલીસે ઘટનાસ્થળે આવી સ્થળ તપાસ કર્યા બાદ મંગળભાઈ પટેલે અકસ્માત સર્જી ભાગી ગયેલા કારચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મેઘરજ ગ્રામ પંચાયત ત્રણ દિવસે પાણી આપવાનો નિર્ણય

## બીજી બાજુ સસ્તા અનાજના ગોડાઉનમાં પાણીનો વ્યય



મેઘરજ, તા. ૧

અરવલ્લી જીલ્લાના મેઘરજનગર અને તાલુકા વિસ્તારના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણી માટે પ્રજાજનો રીતસરના વલખા મારી રહ્યા છે. મેઘરજ નગરમાં કુવા, બોરના તળ ઊંડે ઉતારતા પાણીની તંગી સર્જાતા ગ્રામ પંચાયત દ્વારા નગરજનોને પુરા પડાતા પીવાના અને રોજિંદા વપરાશ માટે અપાતા પાણીના જથ્થામાં કાપ મૂકી ત્રણ દિવસે પાણી આપવાનો નિર્ણય કરવામાં આવતા પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે નગરમાં સરકારી તંત્ર દ્વારા જ પાણીનો વેડફાટ થતા સરકારી ગોડાઉનની આસપાસ પાણી ભરાયેલા જોવા મળતા પાણી માટે વલખા મારતા મેઘરજના પ્રજાજનોમાં આક્રોશ ફેલાયો હતો.



મેઘરજનગરમાં આવેલા સસ્તા અનાજના ગોડાઉનમાં ઉપર આવેલી પાણી સંગ્રહ કરવાની ટાંકીમાંથી છેલ્લા કેટલાક દિવસોથી પાણીનો વ્યય થતા અને સરકારી ગોડાઉનની આજુબાજુ પાણી ભરાતા ગોડાઉન તંત્રમાં ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓ ઘોર બેદરકારી સામે આવતા સરકારી તંત્ર દ્વારા જ પાણીનો વેડફાટ થતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. પાણીનો વ્યય કરનાર સરકારી ગોડાઉન પર ફરજ બજાવતા કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ પ્રબળ બની છે.



### હિંમતનગરમાં પૈસા ડબલ કરી આપવાની લાલચ આપી

# ૫.૭૮ લાખની છેતરપીંડી કરતા પાંચ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરના સીવીલ સર્કલ નજીક સાત વર્ષ અગાઉ એક ક્રેડીટ સોસાયટીની ઓફીસ ખોલી લોકોને એકના ડબલ કરી આપવાની લાલચ આપી મુદત વીતી હોવા છતાં વ્યાજ અને મુડી પરત ન આપતા હિંમતનગરના એક શખ્સે રૂ. ૫.૭૮ લાખથી વધુની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આ અંગે મહેન્દ્ર બાલકિશન સાંડક (મહેશ્વરી)એ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ વર્ષ ૨૦૧૨માં હિંમતનગરના સીવીલ સર્કલ નજીક આદર્શ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીની ઓફીસ ખોલી લોકોના નાણાં ડબલ કરી આપવાની લાલચ આપવામાં આવી હતી. જેમાં મહેન્દ્ર બાલકિશન શાંડકે પણ નાણાં રોક્યા હતા. પરંતુ તેમણે મુકેલી ડિપોઝીટ પાકી ગયા બાદ વારંવાર ઉઘરાણી કરવા છતાં તેમના અંદાજે રૂ. ૫.૭૮,૯૬૨ પરત આપવામાં આવતા ન હતા. મહેન્દ્રભાઈએ અભ્યુદયસિંહ બાદામસિંહ રાજપુત, નરેન્દ્રસિંહ કુશવાહા, બ્રાન્ચ મેનેજર, રાહુલ મોદી અને મુકેશ મોદી સમક્ષ અનેક વખત નાણાંની માંગણી કરી હોવા છતાં તેઓ મૂડી અને વ્યાજની રકમ પરત આપતા ન હતા. જેથી કંટાળીને મહેન્દ્રભાઈએ પાંચેય જણા વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી બદલ ફરીયાદ નોંધાવી હતી.

### અરવલ્લી જિલ્લાના તમામ હોમગાર્ડ યુનિટના

# જિલ્લાકક્ષાના ૧૨ દિવસીય બેઝિક તાલીમ વર્ગનું સમાપન

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના તમામ ૧૬ હોમગાર્ડ યુનિટના ૧૨ દિવસીય બેઝિક તાલીમ વર્ગનો સમાપન સમારોહ જિલ્લા ભાજપનાં જનસેવા ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં તા.૨૦મી મે થી ૩૧ મે સુધીના સતત ૧૨ દિવસની આ બેઝિક તાલીમ વર્ગમાં સમગ્ર અરવલ્લી જિલ્લામાંથી તમામ (ટ્રેનિંગ) એમ.એમ. પ્રજાપતિએ કેમ્પની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કેમ્પના સમાપન સમાપન સમારોહ પ્રસંગે જિલ્લા સહકારી



પ્રમુખ રણવીરસિંહ ડાભીની અધ્યક્ષતામાં યોજાતા તેમણે જિલ્લાની હોમગાર્ડ સેવાને બિરદાવી હતી અને વધુ સજ્જતા કેળવી પોલીસ સમકક્ષ સેવા આપનાર હોમગાર્ડ તાલીમાર્થીઓના કૌશલ્યને પણ બિરદાવ્યું હતું અને તાલીમ અનુશાસનનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે હોમગાર્ડ સભ્યોની વિવિધ પડતર માંગણીઓના ઉકેલ માટે યોગ્ય હકારાત્મક રજુઆત ઉચ્ચકક્ષાએ કરવા પણ હૈયાધારણ આપી હતી. યુનિટોના હોમગાર્ડ તાલીમાર્થીઓને પી.ટી., પદ કવાયત, આર્મ્સ ડ્રિલ, વેપન ટ્રેનિંગ, લાઠી ડ્રિલ, સેવિંગ ડિફેન્સ ટ્રેનિંગ તેમજ ૩૦૩ની રાઈફલ ફાયરિંગની પ્રેક્ટિસ વગેરેની તાલીમ માટેના કેમ્પનું આયોજન જિલ્લા કમાન્ડન્ટ દિનેશભાઈ ડી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

જેમાં અમદાવાદ કચેરીએથી નાયબ હોંગાર્ડઝ જનરલ કમાન્ડન્ટ બી.વી.રાણા, સ્ટાફ ઓફિસર સંઘના ડિરેક્ટર ગુલાબચંદભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ખરીદ-વેચાણ સંઘના વા.ચેરમેન ભીખાભાઈ પટેલ, ઈન્દ્રસિંહ, સ્કૂલ સંચાલક કમલેશભાઈ મહેતા, રમેશભાઈ પી.પટેલ (મોટી ઈસરોલ), અશોકભાઈ સી. પટેલ સહિતના જિલ્લા-તાલુકાના આગેવાનો અને જિલ્લાના હોમગાર્ડ ૧૬ યુનિટોના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં જિલ્લાના નાયબ કમાન્ડન્ટ જે.સી. ઝાલાએ આભાર દર્શન કર્યું હતું.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંડળો કે અધિકારીઓ સાથે બેઠકો ખાનગીમાં કરવાનો રિવાજ સરકાર પાડવા જઈ રહ્યુ છે કે શું?

સરકારે શિક્ષણના સાર્વત્રિકરણ માટે જેમ સરસ્વતી સાધના યોજના, વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી યોજનાઓ જાહેર કરી છે. ત્યારે સૌને મનમાં સવાલ છે કે સરકાર સામાજિકરણ કરવામાં કેમ મૌન રાખે છે. પાછલા બારણે જઈ કાનમાં વાત કહેતા હોય તેવુ કેમ?

સામાજિકરણ કરવાની દિશામાં સરકારે આવા વિદ્યાર્થીઓ અંગેના કારણોમાં જવાની પણ સૂચનાઓ આપી છે અને શિક્ષકોને પણ આ દિશામાં પ્રયાસો કરવા કહ્યુ છે તો પછી કેમ મૌન રહી કામગીરી કરવામાં આવે છે.

સરકાર પાસે વિગતો હોય તો તેની બાબતે કયા જિલ્લામાં ખરાબ સ્થિતિ છે તેને લઈ શ્વેતપત્ર બહાર પાડવુ જોઈએ.

સામાજિકરણની સાથે સાથે વિદ્યાસહાયકોના પ્રશ્નો અને બીજા કેટલાક પ્રશ્નો અંગે પણ પોતાનુ મન સ્પષ્ટ કરી દેવુ જોઈએ. પ્રયોગો ચોક્કસ કરીએ પણ બાળકોના ઘડતર સાથે રમત ના કરીએ.

સામાજિકરણની સાથે સાથે ખાનગી શાળાઓ ખોલવા કરતાં સરકારી શાળાઓ ખોલવા પર ભાર મુકીએ અને સરકારી શાળામાં સ્થાયીકરણ અને ગુણવત્તાસભર શિક્ષણ પર ભાર મુકીએ. સમાજચિંતકોની સાથે ખુલ્લા મંચ પર ખુલ્લા મને બેઠકો કરવી પણ જરૂરી છે.

## ગરમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેજાન બનાવી દીધા હોય તેમ શહેરના જનજીવનની રોનક પણ ઓસરી ગઈ છે. આકરી ગરમીના લીધે જનઆરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. જો કે ગરમી વધવાની સાથે આમ નાગરિકોમાં ગરમીથી બચવાના ઉપાયો અંગે જાગૃતિ કેળવાતા નગરજનો લું લાગવાના તેમજ હીટસ્ટ્રોક સહીતના મામલે વિશેષ કાળજી લઈ રહ્યા છે. આકરી ગરમીથી બચવા માટે શહેરીજનો આઈસ્ક્રીમ , છાશ તેમજ ફ્રુટ જયુસ, લીંબુ શિકંજી અને ઠંડાઈ સહીતના ઠંડા પીણાંનુ વિશેષ સેવન કરી રહ્યા છે. ઘરો અને ઓફિસમાં એ સી ધમધમતા જોવા મળી રહ્યા છે. જયારે ગરમીના ઉગ્ર મિજાજથી વળતા ઉનાળે પણ એ સી તેમજ એર કુલરની ખરીદીમાં ઘસારો જોવા મળી રહ્યો છે. આજે દિવસ દરમિયાન ગરમીનો પારો એક ડીગ્રી ઉંચે ચઢયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૩૦.૨ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં એક ડીગ્રી ઉંચકાયુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૪ ડીગ્રીનો જ તફાવત રહ્યો હતો. જેના લીધે મોડી સાંજે અને રાત્રિના પણ ગરમીનુ જોર વર્તાયુ હતુ. આકરી ગરમીની અસરથી શહેરનુ જનજીવન મુર્જાઈ ગયુ છે. શહેરીજનો પણ હવે આકાશમાંથી અંગારાના બદલે અમી છાંટણા વરસે તેની કાગડોળે વાટ નિહાળી રહ્યા છે.

## હાહાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પવન ચાલશે નહીં. ડસ્ટ સ્ટ્રોમ અને હળવા વરસાદની શરૂઆત ન થાય ત્યાં સુધી ભીષણ ગરમી જારી રહેશે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ જેવા પહાડી વિસ્તારોમાં પણ આ વખતે પારો ૪૫ની નજીક પહોંચ્યો છે. હિટવેવની જાહેરાતને લઈને ખુબ ઓછા લોકો વાકેફ છે. તંત્રના કહેવા મુજબ મેદાની વિસ્તારોમાં પારો ૪૦ ડિગ્રી, દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૭ ડિગ્રી અને પહાડી વિસ્તારોમાં ૩૦ ડિગ્રી સુધી પારો પહોંચ્યો છે ત્યારે હિટવેવ ગણવામાં આવે છે. સમગ્ર ભારતમાં હાલમાં ભીષણ ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જનજીવન ઉપર પણ અસર થઈ છે. મોટી સંખ્યામાં લોકો અસ્વસ્થ બન્યા છે. ભીષણ ગરમીના કારણે જુદા જુદા રાજ્યોમાં વેકેશનને લંબાવવાની પણ વાત ચાલી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ હિટવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે બિનજરૂરીરીતે ઘરની બહાર લોકોએ નિકળવું જોઈએ નહીં. સાથે સાથે ગરમીથી બચવા માટે છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ત્રણ દિવસ સુધી ભીષણ હિટવેવ જારી રહેશે ત્યારે અનેક જગ્યાઓએ પારો ૪૫થી ઉપર રહેવાની શક્યતા છે. ગરમીના પ્રકોપના કારણે તંત્ર દ્વારા જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. બીજી બાજુ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જાહેર રસ્તાઓ ઉપર સેવામાં સક્રિય છે જેમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

## જીએસપીનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટીવ ઓફિસના કહેવા મુજબ જીએસપીનો મુખ્ય ઉદ્દેશ્ય વિકાસશીલ દેશોને પોતાની નિકાસને વધારવામાં મદદ કરવાનો રહેલો છે. જેથી અર્થવ્યવસ્થામાં તેજી લાવી શકાય. સાથે સાથે ગરીબીને દૂર કરવામાં મદદ કરી શકાય. ટ્રમ્પે કહ્યું છે કે, ભારતે અમેરિકાને પોતાના બજાર સુધી ચીજવસ્તુ અને અન્ય બાબતોના સંદર્ભમાં કોઈ ખાતરી આપી નથી જેથી પાંચમી જૂન ૨૦૧૯થી ભારતને મળેલા લાભાર્થી વિકાસશીલ દેશના દરજ્જાને બંધ કરવાની બાબત બિલકુલ યોગ્ય દેખાઈ રહી છે. ટ્રમ્પે આ સંદર્ભમાં અમેરિકાના તમામ ટોચના સાંસદો તરફથી કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી. સાંસદોએ કહ્યું હતું કે, આ પગલાથી અમેરિકી ઉદ્યોગપતિઓને વર્ષે ૩૦ કરોડ ડોલરનો વધારાનો ચાર્જ ચુકવવો પડશે. બીજી બાજુ ભારતે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, અમે અમેરિકા સાથે સંબંધો મજબૂત રાખવા માટે કટિબદ્ધ છે. અમેરિકા અથવા અન્ય કોઈ દેશની જેમ જ આવા મામલામાં ભારત રાષ્ટ્રીયહિતોને આગળ રાખશે. સરકારે એમ પણ કહ્યું છે કે, આર્થિ સંબંધોમાં આ પ્રકારની ચીજો હોય છે જેને પારસ્પરિકરીતે ઉકેલી શકાય છે.

## ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સાથે સાથે ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થયો છે. જેના કારણે કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે. આ પહેલા પહેલી મેના દિવસે એલપીજીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. એ વખતે સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં પહેલી જુનના દિવસે ૨૮ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દિલ્હીમાં સબસિડીયુક્ત ગેસ સિલિન્ડરની કિંમત ૪૯૫ રૂપિયા થઈ ગઈ હતી. હાલમાં મોદી સરકાર નવી અવધિમાં સત્તારૂઢ થઈ ગઈ છે. આજે ગેસ સિલિન્ડરમાં નજીવો વધારો થતા તેની જુદી જુદી પ્રતિક્રિયા આવી શકે છે. જો કે હાલમાં નવી સરકાર આવી હોવાથી તેને લઈને કોઈ ટિપ્પણી થનાર નથી. સબસિડીવાળા ગેસ સિલિન્ડર એક પરિવારને એક વર્ષમાં ૧૨ આપવામાં આવે છે. જ્યારે સબસિડીવગરના ગેસ સિલિન્ડર ૧૩માં સિલિન્ડરને ગણવામાં આવે છે.

## નેતા વરાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા કરવામાં આવી હતી. રાહુલના રાજીનામાની ઓફર બાદ રાહુલને સંસદીય દળના નેતા બનાવવાની અટકળો ચાલી રહી હતી. જો કે, આજે આ અટકળોનો અંત આવ્યો હતો. સોનિયા ગાંધીની ફરી નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. કોંગ્રેસ સંસદીય દળના નેતા ચૂંટાઈ આવ્યા બાદ પાર્ટીના કાર્યકરોનો સોનિયા ગાંધીએ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પર વિશ્વાસ વ્યક્ત કરનાર ૧૨.૧૩ કરોડ મતદારોનો તેઓ આભાર માને છે. રાહુલ ગાંધીએ પણ બેઠકને સંબોધન કર્યું હતું. કોંગ્રેસ સંસદીય દળની બેઠકમાં લોકસભામાં પાર્ટીની રણનીતિ પર ચર્ચા થઈ હતી. ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ સોનિયા ગાંધીએ ૩ પાનાનો પત્ર લખીને રાહુલ ગાંધીની પાર્ટી પ્રમુખ તરીકે પ્રશંસા કરી છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, મુશ્કેલ સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીની જવાબદારી સંભાળી ચુકેલા નીડર થઈને રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર કર્યો હતો. રાહુલના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કરતા સોનિયા ગાંધીએ ભાવનાશીલ પત્ર લખ્યો છે.

## વિપક્ષ નેતાની

● અનુસંધાન પહેલાનું ચાલુ

માંગ પાર્ટી તરફથી રજૂ કરવામાં આવશે નહીં. સુરજેવાલાનું કહેવું છે કે, પુરતી સંખ્યા નહીં હોવાના કારણે સરકાર તરફથી અમે આવી કોઈ માંગ કરીશું નહીં. તેમનું કહેવું છે કે, આ એક સામાન્ય વ્યવસ્થા છે કે, કુલ સાંસદ સંખ્યા પૈકી ૧૦ ટકા સીટો એક પાર્ટી પાસે હોવી જોઈએ. ત્યારબાદ જ નેતા વિપક્ષનો દરજ્જો મળે છે.

સંખ્યાબળની દ્રષ્ટિએ અમારી પાસે બે સીટો ઓછી છે. અલબત્ત આ બાબત કેટલાક અંશે સરકાર ઉપર આધારિત રહે છે. સંખ્યા ઓછી હોવા છતાં કોઈ પાર્ટીને મુખ્ય વિપક્ષી પાર્ટી તરીકે દરજ્જો સરકાર આપવા ઈચ્છુક છે કે કેમ તે બાબત સરકાર ઉપર આધાર રાખે છે. સુરજેવાલાએ કહ્યું હતું કે, અમે પોતાની તરફથી વિપક્ષના પદની માંગ કરવા જઈ રહ્યા નથી. આના માટે જરૂરી સંખ્યા ૫૪ની છે અને અમારી સંખ્યા ૫૨ની છે. જ્યાં સુધી જરૂરી સંખ્યા સુધી પહોંચીશું નહીં ત્યાં સુધી અમારી તરફથી માંગ કરવામાં આવશે નહીં.